# કેબિનેટે સાર્થક-પીડીએસ યોજનાને વધુ પાંચ વર્ષ લંબાવી

**જાહેર** વિતરણ વ્યવસ્થામાં ટેકનોલોજી આધારિત સુધારા કરાશે

**બોગસ** રેશનકાર્ડ નાબૂદ કરવા 'નિર્મલ' પ્લેટફોર્મ અને અનાજ ટ્રેકિંગ માટે QR કોડવાળા કોથળા વપરાશે

નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટે બુધવારે જાહેર વિતરણ વ્યવસ્થા (PDS)ના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ટેકનોલોજી આધારિત મોટા સુધારા કરવાના હેતુથી 'સાર્થક-પીડીએસ' યોજનાને માર્ચ 2031 સુધી પાંચ વર્ષ લંબાવવાની મંજૂરી આપી છે.

આ માટે રૂ. 25,530 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ યોજના હેઠળ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા (NFSA) અંતર્ગત અનાજની હેરફેરના ખર્ચ અને રેશનિંગ દુકાનના ડીલરોના કમિશનને એકીકૃત કરવામાં આવ્યા છે.

જેથી છેવાડાના માણસ સુધી અનાજ પહોંચાડી શકાય અને ભ્રષ્ટાચાર-લીકેજ અટકાવી શકાય. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ યોજનાથી લાભાર્થીઓની પસંદગીથી લઈને અનાજની હેરફેર સુધીની સમગ્ર વ્યવસ્થા ડિજિટલ બનશે, જેનાથી ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ 15થી 50 ટકા ઘટશે અને દર વર્ષે રૂ. 280 કરોડની બચત થશે. યોજના હેઠળ ત્રણ મુખ્ય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પ્લેટફોર્મ કાર્યરત કરાશે:

1. NIRMAL: જે બોગસ રેશનકાર્ડ દૂર કરશે.
2. ASHA: જે વિવિધ ભાષાઓમાં લોકોની ફરિયાદોનું નિવારણ કરશે.
3. SAKSHAM: જે જીપીએસ (GPS) દ્વારા ગાડીઓનું ટ્રેકિંગ અને રૂટ નક્કી કરશે.

આ ઉપરાંત, અનાજની ચોરી રોકવા માટે ક્યુઆર (QR) કોડવાળા કોથળા અને બ્લોકચેન જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. આ યોજના હેઠળ દેશના 81.35 કરોડ લોકોને ગુણવત્તાયુક્ત અનાજ આપીને પોષણ સુરક્ષા સુનિશ્ચિત કરવાની સરકારની કાનૂની પ્રતિબદ્ધતા છે. આ ડિજિટલ સુધારામાં રેશનકાર્ડનું ડિજિટલાઈઝેશન, ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ (e-PoS) ઉપકરણો દ્વારા ઓટોમેશન અને કમ્પ્યુટરાઈઝ્ડ સપ્લાય-ચેન મેનેજમેન્ટ સામેલ છે.

## હેમ્પસ્ટેડ હીથના વન્યજીવન તળાવોને લોકોએ 'બીચ ક્લબ'માં ફેરવતા રોષની લાગણી



ગરમીના મોજા દરમિયાન જ્યાં હંસ માળો બાંધતા હતા તે હેમ્પસ્ટેડ હીથના વન્યજીવન તળાવ પર લોકોએ હલ્લાબોલ કરીને તેને 'બીચ ક્લબ'માં ફેરવી દીધું. રેકોર્ડબ્રેક ગરમી દરમિયાન, જ્યારે સુરક્ષિત પક્ષીઓ અને સિગ્નેટ નજીકમાં ફરતા હતા, ત્યારે સેંકડો લોકો પાણીમાં ધુબાકા મારતા હતા કે બોલ વડે અંદર રમતા હતા તો કેટલાક તો વળી તેમના કૂતરાઓને તરાવતા જોવા મળ્યા હતા. કિનારા પર એક વિશાળ પીળા 'સ્વિમિંગ પર પ્રતિબંધ' ના બેનર પાસે જ બિકીની અને સ્વિમિંગ શોર્ટ્સ પહેરેલા લોકો લાઇન લગાવી રહ્યા હતા, જ્યારે અન્ય લોકો, યુવાનો અને વૃદ્ધોએ પાણીમાં કૂદકો મારતા જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક વિડીયોમાં એક હંસ પાણીમાં ચાંચ રાખીને ઉદાસ દેખાતું હતું.

# સુપ્રિમની SIRને માન્યતા, ચૂંટણી પંચની મોટી જીત

**ચૂંટણી** પંચની મતદાર યાદી સુધારવાની સત્તા સુપ્રિમ કોર્ટે માન્ય રાખી, વિપક્ષના આક્ષેપો ફગાવ્યા

**મતદાર** યાદીમાંથી નામ કપાવાનો અર્થ નાગરિકતા રદ થવી એવો નથી : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): સુપ્રિમ કોર્ટે બુધવારે ચૂંટણી પંચના પક્ષમાં એક મોટો ચુકાદો આપતાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) એટલે કે ખાસ સઘન સુધારણા કાર્યક્રમ યોજવાની તેની સત્તાને માન્ય રાખી છે.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે આ કવાયત મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ માટેના બંધારણીય આદેશમાં પ્રાણ પૂરે છે. ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે ચુકાદો આપ્યો હતો કે ચૂંટણી પંચને બંધારણની કલમ 324 અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ (RPA)ની કલમ 21(3) હેઠળ વિશેષ સુધારણા કરવાની સત્તા છે. બિહારમાં કરાયેલી એસઆઈઆર પ્રક્રિયાને પડકારતી અરજીઓનો નિકાલ કરતા કોર્ટે સ્પષ્ટ કર્યું કે મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવાનો અર્થ એવો નથી થતો કે તે વ્યક્તિ નાગરિક નથી.

કોર્ટે કહ્યું હતું કે, મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ માત્ર મતદાનની પ્રક્રિયા પર આધારિત નથી. તે મૂળભૂત રીતે મતદાર યાદીઓની અખંડિતતા, સચોટતા અને વિશ્વસનીયતા પર નિર્ભર કરે છે.

આ ચુકાદા બાદ દેશના રાજકીય વર્તુળોમાં તીવ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ સોશિયલ મીડિયા પર કહ્યું કે સુપ્રિમ કોર્ટે આ પ્રક્રિયાને બંધારણીય ગણાવી છે અને કોંગ્રેસે ગેરકાયદે ઘૂસણખોરોનો સાથ આપવા આનો વિરોધ કર્યો હતો.

ચૂંટણી પંચે પ્રથમ તબક્કામાં બિહારમાં આ પ્રક્રિયા શરૂ કરી હતી, જ્યાં છેલ્લા ચાર દાયકામાં થયેલા ઝડપી શહેરીકરણ અને મોટા પાયે સ્થળાંતરના આધારે મતદાર યાદીમાંથી 65 લાખ નામો દૂર કરવામાં આવ્યા હતા.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) જેવી બિનસરકારી સંસ્થાઓએ વાંધો ઉઠાવ્યો હતો કે આ પ્રક્રિયા એનઆરસી (NRC) જેવી છે અને ચૂંટણી પંચ નાગરિકતાની ચકાસણી કરી રહ્યું છે, જે સત્તા માત્ર કેન્દ્ર સરકાર પાસે છે. જોકે, કોર્ટે કહ્યું કે મતદાર યાદીની પાત્રતા નક્કી કરવા પૂરતી જ પંચ પાસે નાગરિકતા ચકાસવાની સત્તા છે.

કોર્ટે પંચને આદેશ આપ્યો છે કે નાગરિકતાના આધારે જેમના નામ કપાયા છે તેવા તમામ કેસો 4 અઠવાડિયામાં સક્ષમ સત્તાધિકારીને મોકલવામાં આવે અને આગામી વિધાનસભા કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા તેની ઓળખ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે.

જો નાગરિકતા સાબિત થાય, તો નામ તાત્કાલિક યાદીમાં પાછું ઉમેરવું પડશે. વર્ષ 2025ની વિધાનસભા ચૂંટણી પહેલા દાખલ થયેલી આ અરજીઓ પર કોર્ટે આ વર્ષે 29 જાન્યુઆરીએ ચુકાદો અનામત રાખ્યો હતો.

### કોંગ્રેસ સહિત વિરોધ પક્ષોએ આપી તીખી પ્રતિક્રિયા

કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અભિષેક મનુ સિંઘવી અને જયરામ રમેશે ચૂંટણી પંચની પ્રક્રિયા સામે આકરા પ્રહારો કરતા કહ્યું કે, કાનૂની મંજૂરી મળવાથી તેના ખરાબ અમલીકરણની ખોટી દાનત છુપાઈ શકતી નથી. ચૂંટણી પંચે જે ઉતાવળમાં પહેલાં નામ કાપ્યા અને પછી તપાસ કરી, તેનાથી કરોડો લોકો મતાધિકારીથી વંચિત રહી ગયા છે. આ પ્રક્રિયામાં આધાર કાર્ડ અને રેશન કાર્ડ જેવી વિગતોના નામે કરાયેલી હેરાફેરી અંગે સર્વોચ્ચ અદાલતે કોઈ ટિપ્પણી ન કરવી તે કમનસીબ છે. આ ચુકાદાથી ઉકેલ આવવાને બદલે વધુ સવાલો ઊભા થયા છે. ટીએમસી સાંસદ મહુઆ મોઇત્રાએ આક્ષેપ કર્યો કે અગાઉ બંગાળમાં એસઆઈઆર બાદ 27 લાખ માન્ય મતદારો મતદાન કરી શક્યા નહોતા અને આ નિર્ણય ચૂંટણી પંચની ભેદભાવયુક્ત પદ્ધતિઓ પર મંજૂરીની મહોર મારે છે. ચૂંટણી વિશ્લેષક અને આ કેસના એક અરજદાર યોગેન્દ્ર યાદવે આકરા પ્રહારો કરતા લખ્યું હતું, 'ન્યૂઝ એ નથી કે સુપ્રિમ કોર્ટે આજે ચૂંટણી પંચની આ કવાયતને બંધારણીય જાહેર કરી છે. અસલી ન્યૂઝ એ છે કે હવે આ દેશમાં ભાજપ નક્કી કરશે કે કોણ મત આપી શકે અને કોણ નહીં.'

### આધાર કાર્ડ નાગરિકતાનો પુરાવો નથી: સુપ્રીમ

સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે કાયદાકીય જોગવાઈઓ મુજબ આધાર કાર્ડ એ નાગરિકતા કે રહેઠાણનો નિર્ણાયક પુરાવો નથી. તેથી ચૂંટણી પંચ તેને મતદાર યાદી માટે પ્રાથમિક દસ્તાવેજ ન ગણે તે યોગ્ય છે. અદાલતે ચૂંટણી પંચ દ્વારા દસ્તાવેજોની ચકાસણી માટે નક્કી કરાયેલા માળખાને માન્ય રાખતા કહ્યું કે, પંચ પાસે યાદીની સચોટતા સુનિશ્ચિત કરવા માટે રેશન કાર્ડ જેવા નબળા પુરાવાને બદલે અન્ય મજબૂત દસ્તાવેજો માગવાની વહીવટી સત્તા છે.

# સ્પેનના વડા પ્રધાન સાંચેઝની સત્તાધારી પાર્ટીના હેડક્વાર્ટર પર પોલીસના દરોડા

**વડા** પ્રધાનના પરિવાર અને પૂર્વ સાથીઓ પણ તપાસના ઘેરામાં

**કરોડોના** ભ્રષ્ટાચારના કેસમાં કોર્ટના આદેશથી સર્ચ ઓપરેશન

બાર્સેલોના (સ્પેન), તા. 27 (એપી): નાણાકીય ગેરરીતિઓની ચાલી રહેલી તપાસના ભાગરૂપે સ્પેનિશ પોલીસે બુધવારે સત્તાધારી સોશિયલિસ્ટ પાર્ટીના મુખ્યાલયની તલાશી લીધી હતી. સેન્ટ્રલ મેડ્રિડમાં આવેલી ઓફિસ પરનો આ દરોડો વડા પ્રધાન પેડ્રો સાંચેઝની પાર્ટી માટે વધુ એક મોટો ફટકો છે, જેઓ પહેલેથી જ ભ્રષ્ટાચારના અસંખ્ય કૌભાંડોનો સામનો કરી રહ્યા છે. નેશનલ કોર્ટના જજ સેન્ટિયાગો પેડ્રાઝના આદેશ પર સિવિલ ગાર્ડ દ્વારા આ કાર્યવાહી પૂર્વ પક્ષના સભ્યો વિરુદ્ધ ભ્રષ્ટાચારના પુરાવા શોધવા માટે કરવામાં આવી છે.

આ તપાસ મુખ્યત્વે સોશિયલિસ્ટ પાર્ટીના પૂર્વ સભ્ય લેઈરી ડીઝ પર કેન્દ્રિત છે. વર્ષ 2025માં સ્પેનિશ મીડિયામાં કેટલીક ઓડિયો ક્લિપ્સ વાયરલ થઈ હતી, જેમાં તેઓ કથિત રીતે એન્ટી-કરપ્શન યુનિટના અધિકારીને બદનામ કરવા અને સરકારી વકીલોની કામગીરીને પ્રભાવિત કરવાના પ્રયાસોમાં સામેલ હોવાનું બહાર આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વડા પ્રધાનના પક્ષના કેટલાંક સભ્યો સામે ભ્રષ્ટાચારના કેસ ચાલી રહ્યા હતા જેને પ્રભાવિત કરવા આ કૃત્યો કરવાના આરોપ છે.

જજ એ બાબતની તપાસ કરી રહ્યા છે કે શું આ કામ માટે લેઈરી ડીઝને પક્ષ તરફથી ચૂકવણી કરવામાં આવી હતી. જોકે, પક્ષે જણાવ્યું છે કે તેઓ વ્યક્તિગત રીતે કામ કરી રહ્યા હતા.

જ્યારે મેડ્રિડમાં પાર્ટી હેડક્વાર્ટર પર આ દરોડા પડી રહ્યા હતા, ત્યારે વડાપ્રધાન સાંચેઝ વેટિકન સિટીમાં પોપ લિયો 14મા સાથે મુલાકાત કરી રહ્યા હતા. તેમણે પત્રકાર પરિષદમાં કહ્યું, 'અમે ન્યાય પ્રણાલીનું સન્માન કરીએ છીએ અને કોર્ટને સંપૂર્ણ સહયોગ આપીશું. સોશિયલિસ્ટ પાર્ટીની એ પ્રતિબદ્ધતા છે કે જો પક્ષમાં અયોગ્ય વર્તનના કોઈ નવા કિસ્સા સામે આવશે, તો અમે હંમેશની જેમ એટલી જ મક્કમતાથી કડક પગલાં લઈશું.'

કોર્ટે કહ્યું કે આ તપાસ ન્યાયિક પ્રક્રિયાઓને અસ્થિર કરવાના કાવતરાને ખુલ્લો પાડવા માટે છે. આ કેસમાં ડીઝ ઉપરાંત અન્ય એક ભ્રષ્ટાચારના કેસમાં ઘેરાયેલા સોશિયલિસ્ટ નેતા સાન્તોસ સેરદાન અને અંડાલુસિયાના પૂર્વ પ્રાદેશિક મંત્રી, એક પોલીસ અધિકારી, ઉદ્યોગપતિ અને બે વકીલો સામે લાંચખોરી, ખોટી જુબાની અને પ્રભાવના દુરુપયોગની તપાસ ચાલી રહી છે.

આ ઉપરાંત, વડા પ્રધાન સાંચેઝનાં પત્ની અને ભાઈ પણ આવી જ તપાસનો સામનો કરી રહ્યા છે. વર્ષ 2018થી વડા પ્રધાન પદ સંભાળતા સાંચેઝે આ કેસોને બદનામ કરવાનું અભિયાન ગણાવ્યું છે, પરંતુ પોતાના સાથીઓના ભ્રષ્ટાચાર બદલ તેમણે વર્ષ 2025માં દેશની માફી પણ માગી હતી.

# લાઓસમાં પૂરગ્રસ્ત ગુફામાંથી પાંચ ગ્રામજનોનો ચમત્કારિક બચાવ




**આ** તમામ એક અઠવાડિયાથી ફસાયેલા હતા, ગુમ થયેલા વધુ બે લોકોની શોધખોળ ચાલુ

**4 કિલોમીટરના** સીધા ચઢાણ અને ભારે વરસાદ વચ્ચે બચાવ દળે જીવના જોખમે ઓપરેશન પાર પાડ્યું

બેંગકોક, તા. 27 (એપી): મધ્ય લાઓસની પૂરગ્રસ્ત ગુફામાં એક અઠવાડિયા કરતાં વધુ સમયથી ફસાયેલા પાંચ ગ્રામજનો જીવિત મળી આવ્યા છે, જ્યારે અન્ય બે હજુ પણ ગુમ છે.

લાઓ અને થાઈ બચાવ ટીમોના જણાવ્યા મુજબ, શીસોમબોન પ્રાંતમાં આવેલા આ વિસ્તારમાં 19 મેના રોજ સાત ગ્રામજનો ગુફામાં પ્રવેશ્યા હતા, પરંતુ ભારે વરસાદને કારણે અચાનક પૂર આવતા ગુફાનો બહાર નીકળવાનો રસ્તો બંધ થઈ ગયો હતો અને તેઓ ફસાઈ ગયા હતા. સ્થાનિક સત્તાવાળાઓ સાથે મળીને કામ કરતી સંસ્થા 'રેસ્ક્યૂ વોલિન્ટીર ફોર પીપલ'ના બુનખામ લુઆંગલાથે પુષ્ટિ કરી છે કે પાંચ લોકોને સુરક્ષિત શોધી કાઢવામાં આવ્યા છે અને બાકીના બે લોકોની શોધખોળ હજુ ચાલુ રહેશે.

પાડોશી દેશ થાઈલેન્ડના બચાવ કાર્યકરો સપ્તાહંત પર ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ મિશનમાં વર્ષ 2018માં થાઈલેન્ડની ગુફામાં ફસાયેલા 12 સ્કૂલના બાળકો અને તેમના ફૂટબોલ કોચને બચાવનારા આંતરરાષ્ટ્રીય ડાઈવર્સે પણ મદદ કરી હતી. થાઈ બચાવ જૂથ દ્વારા શેર કરાયેલા વીડિયોમાં ડાઈવર્સ પાણીમાંથી બહાર આવીને ખડક પર બેસેલા ગ્રામજનોને શોધતા જોવા મળે છે, જેના પછી બચાવકર્મીઓ ખુશીથી એકબીજાને ભેટી પડ્યા હતા.

આ ગુફા પાટનગર વિયેન્શિયાનથી લગભગ 120 કિલોમીટર દૂર એક દુર્ગમ પહાડી વિસ્તારમાં આવેલી છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલી વિગતો મુજબ, ગુફાના પ્રવેશદ્વાર સુધી પહોંચવા માટે 4 કિલોમીટરનું સીધું ચઢાણ ચઢવું પડે છે અને તેનો રસ્તો એટલો સાંકડો છે કે એક સમયે માત્ર એક જ વ્યક્તિ અંદર જઈ શકે છે. ગ્રામજનો ગુફામાં કેમ ગયા હતા તેની કોઈ સત્તાવાર માહિતી નથી, પરંતુ સ્થાનિક લોકો સુરક્ષા ચેતવણીઓ હોવા છતાં સોનાની શોધમાં આ ગુફામાં અવારનવાર જતા હોવાનું બહાર આવ્યું છે.

# TMC સાંસદ કાકોલી ઘોષ પક્ષના તમામ હોદ્દા પરથી રાજીનામું આપ્યું

**સુવેન્દુ** અધિકારીની બેઠકમાં ભાગ ન લેવા પક્ષની સૂચના આપી હોવા છતાં તેઓ હાજર રહ્યા હતા

કોલકાતા, તા. ૨૭ (PTI) લોકસભા સાંસદ કાકોલી ઘોષ દસ્તિદારે પક્ષના નેતૃત્વ સામે જાહેરમાં પોતાની નારાજગી વ્યક્ત કર્યાના દિવસો બાદ બુધવારે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના તમામ સંગઠનાત્મક હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે.

આ પગલું તેઓ મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની કલ્યાણી ખાતેની વહીવટી સમીક્ષા બેઠકમાં હાજરી આપ્યાના બીજા જ દિવસે આવ્યું છે, જેમાં તેમના પક્ષે કથિત રીતે તેમને ભાગ ન લેવા સૂચના આપી હોવા છતાં તેઓ હાજર રહ્યા હતા.

દસ્તિદાર ટીએમસીની મહિલા પાંખના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા અને પક્ષના 'બંગા જનની' કાર્યક્રમ સાથે જોડાયેલા હતા. જોકે, તેઓ પશ્ચિમ બંગાળના બારાસાત લોકસભા મતવિસ્તારના સાંસદ તરીકે ચાલુ રહેશે.

સૂત્રોએ જણાવ્યું કે, ટીએમસીના પ્રદેશ અધ્યક્ષ સુબ્રત બક્ષીને સંબોધિત એક પત્રમાં બારાસાતના ચાર ટર્મથી સાંસદ એવા કાકોલી ઘોષે પક્ષની તમામ સંગઠનાત્મક જવાબદારીઓમાંથી રાજીનામું આપી દીધું છે.

ઘોષે જણાવ્યું કે, તેમણે પક્ષને જાણ કરી છે કે, તેઓ હવે આ જવાબદારીઓ ચાલુ રાખી શકે તેમ નથી.

પક્ષની ચૂંટણીલક્ષી પીછેહઠ અને કેટલાક નેતાઓ દ્વારા જાહેરમાં અસંતોષ વ્યક્ત કરવાના દોર બાદ આ ઘટનાક્રમથી ટીએમસીની અંદર બદલાઈ રહેલા સમીકરણો પરની અટકળો વધુ ઘેરી બને તેવી શક્યતા છે. સાંસદ તાજેતરમાં પક્ષના નેતૃત્વના કેટલાક વર્ગો સામે તેમની નારાજગી વિશે અવાજ ઉઠાવી રહ્યા હતા.

રવિવારે, દસ્તિદારે ટીએમસીના બારાસાત સંગઠનાત્મક જિલ્લા એકમના અધ્યક્ષ પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. પક્ષે બીજા જ દિવસે તેમનું રાજીનામું સ્વીકારી લીધું હતું અને તાપસ ચેટર્જીને નવા પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા હતા.

## ટેક્નિકલ ખામીના કારણે એર ઇન્ડિયાની ફ્લાઇટ અધવચ્ચેથી પરત ફરી

નવી દિલ્હી, તા. ૨૭ (પીટીઆઈ): એરલાઇન અને ફ્લાઇટ-ટ્રેકિંગ ડેટા અનુસાર, સાન ફ્રાન્સિસ્કો જઈ રહેલી એર ઇન્ડિયાની એક ફ્લાઇટ મધ્ય-આકાશમાં ટેક્નિકલ ખામી સર્જાવાને કારણે બુધવારે નવી દિલ્હી પરત ફરી હતી. હવામાં આઠ કલાકથી વધુ સમય વિતાવ્યા બાદ એરક્રાફ્ટને પાછા ફરવાની ફરજ પડી હતી. આશરે ૨૩૦ મુસાફરો સાથેનું આ વિમાન ત્રણ કલાકથી વધુ સમય સુધી હવામાં રહ્યું હતું અને દિલ્હી તરફ પાછા ફરતા પહેલા ચીની એરસ્પેસમાંથી પસાર થઈ રહ્યું હતું. એર ઇન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અંદાજે ૨૩૦ મુસાફરોને લઈ જતું બોઈંગ 777-300ઈઆર વિમાન દ્વારા સંચાલિત ફ્લાઇટ એઆઈ173, દિલ્હીથી સાન ફ્રાન્સિસ્કો જવા રવાના થયું હતું, જે પ્રમાણભૂત સુરક્ષા પ્રક્રિયાઓ અનુસાર ભારતીય રાજધાનીમાં પરત ફર્યું હતું. એરલાઇને જણાવ્યું હતું કે, "વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થયું છે અને એર ઇન્ડિયાના સુરક્ષા ધોરણો અનુસાર તેની ટેક્નિકલ તપાસ કરવામાં આવશે."



# અમેરિકાની પેપર મિલમાં કેમિકલની ટાંકી ફાટતાં એકનું મોત, 9 ગુમ

**અંદાજે** 9 લાખ ગેલન તેજાબી કેમિકલ પૂરની જેમ આખા પ્લાન્ટમાં ફરી વળ્યું

**કાટમાળ** નીચે હજુ પણ હજારો ગેલન રસાયણ હોવાથી માત્ર દિવસના અજવાળામાં જ સર્ચ ઓપરેશન કરાશે

લોંગવ્યુ (યુએસ), તા. 27 (એપી): વોશિંગ્ટન સ્ટેટમાં આવેલા એક પેપર મિલમાં મંગળવારે અંદાજે 900,000 ગેલન અત્યંત જોખમી કેમિકલ ધરાવતી વિશાળ ટાંકી ધડાકા સાથે ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 1 કર્મચારીનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય 9 લોકો ગુમ છે, જેમના બચવાની હવે કોઈ આશા નથી.

નિપ્પોન ડાયનાવેવ પેકેજિંગ કંપનીના આ પ્લાન્ટમાં કેમિકલ લીક થવાના કારણે અન્ય 9 લોકો ગંભીર રીતે દાઝી ગયા છે.

કાઉલિટ્ઝ ફાયર એન્ડ રેસ્ક્યૂ ચીફ સ્કોટ ગોલ્ડસ્ટીને જણાવ્યું કે, હાલ બચાવ કામગીરી સ્થગિત કરી તેને 'રિકવરી ઓપરેશન' (મૃતદેહો શોધવાની કામગીરી) જાહેર કરાયું છે. ટાંકીમાં હજુ પણ 90,000 ગેલન અત્યંત દાહક 'વ્હાઈટ લિકર' કેમિકલ ભરેલું હોવાથી અને ટાંકી વધુ તૂટી પડવાનો ભય હોવાથી બુધવારે સવારે માત્ર દિવસના અજવાળામાં જ કામગીરી હાથ ધરાશે. આ કેમિકલ સોડિયમ હાઈડ્રોક્સાઈડનું મિશ્રણ છે, જે લાકડાને ઓગાળીને પેપર બનાવવા માટે વપરાય છે.

આ કંપની જાપાનના નિપ્પોન પેપર ગ્રુપની પેટાકંપની છે અને વર્ષ 2021થી અત્યાર સુધીમાં સુરક્ષા નિયમોના ભંગ બદલ તેને ત્રણ વાર દંડ પણ થઈ ચૂક્યો છે. હાલમાં જ માર્ચ અને મે મહિનામાં પણ તેની સામે સુરક્ષા ફરિયાદો થઈ હતી. કાટ લગાડે તેવું આ તીવ્ર રસાયણ નજીકના ડ્રેનેજ નાળામાં વહી ગયું હોવાથી પર્યાવરણ વિભાગની ટીમ પણ નુકસાનીની તપાસ કરી રહી છે. ટાંકી ધરાશાયી થઈ તેનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.